**અવગ્રહ આદિનો વિષય–**

**अर्थस्य ॥ १-१७ ॥**

**અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા અર્થના છે.**

અર્થાત્ સ્પર્શાદિ ગુણરૂપ અર્થના અને સ્પર્શાદિ ગુણયુક્ત દ્રવ્યરૂપ અર્થના અવગ્રહ આદિ થાય છે.

**પ્રશ્ન–** ઇન્દ્રિય અને મન ગુણ-પર્યાયોને જ ગ્રહણ કરી શકે છે તો દ્રવ્યરૂપ અર્થના અવગ્રહાદિ શી રીતે પ્રવર્તે ? દ્રવ્યનો બોધ પર્યાયના બોધ દ્વારા જ થાય છે. જેમ કે—આંખનો વિષય રૂપ કે આકૃતિ આદિ છે. આંખ દ્રવ્યના રૂપને=આકૃતિને જુએ, દ્રવ્યને નહિ. દ્રવ્યના રૂપાદિને જાણીને આ અમુક દ્રવ્ય છે એમ દ્રવ્યનો બોધ કરે છે. એ પ્રમાણે અન્ય ઇન્દ્રિયો પણ દ્રવ્યના રસ આદિ ગુણ-પર્યાયને જાણી શકે છે. મન પણ પર્યાયને જ જાણી શકે છે. આથી દ્રવ્યરૂપ અર્થના અવગ્રહાદિ કેમ પ્રવર્તે ?

**ઉત્તર–** યદ્યપિ ઇન્દ્રિયો અને મનનો વિષય પર્યાય છે, છતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન હોવાથી પર્યાયના જ્ઞાન સાથે દ્રવ્યનું જ્ઞાન અવશ્ય થઇ જાય છે. આંખથી રૂપનું જ્ઞાન થતાંની સાથે જ આ અમુક દ્રવ્ય છે એમ દ્રવ્યનો પણ બોધ અવશ્ય થઇ જાય છે. આથી દ્રવ્યરૂપ અર્થના પણ અવગ્રહાદિ થાય છે એમ સામાન્યથી=સ્થૂલ દૃષ્ટિએ કહી શકાય. પણ તાત્ત્વિક દૃષ્ટિએ તો ગુણ-પર્યાયના જ અવગ્રહાદિ થાય. (૧૭)

**પ્રકારાન્તરથી અવગ્રહનો વિષય–**

**व्यञ्जनस्यावग्रहः ॥ १-१८ ॥**

**વ્યંજનનો અવગ્રહ જ થાય છે.**

અર્થાત્ વ્યંજન અવગ્રહનો (=અર્થાવગ્રહનો) જ વિષય બને છે. ઈહા[1] આદિનો નહિ. જેનાથી અર્થનું જ્ઞાન થાય તે વ્યંજન. ઉપકરણેન્દ્રિય અને વિષયના સંબંધ=સંયોગ વિના અર્થનું જ્ઞાન ન થઇ શકે. ઉપકરણેન્દ્રિય[2] અને વિષયનો પરસ્પર સંબંધ=સંયોગ થાય તો જ અર્થનું જ્ઞાન થાય છે. માટે

૧. અર્થાત્ ઇહા આદિ જ્ઞાનવ્યાપારમાં ઇન્દ્રિય-વિષયનો સંયોગ અપેક્ષિત નથી. તેમાં મુખ્યતયા માનસિક એકાગ્રતા અપેક્ષિત છે. અવગ્રહમાં (-અવ્યક્ત જ્ઞાનમાં) જ એ સંયોગ અપેક્ષિત છે.

૨. આ કથન ચક્ષુ અને મન સિવાયની ઇન્દ્રિયો દ્વારા થતા મતિજ્ઞાન માટે સમજવું.